# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

પોર્ન શોખીન, 'સીડી' કલાકારો છે સાંસદ!
પૈસા ખાતર જાહેરમાં વેંચાય છે સાંસદ!
સાંસદ છે! એને સાચું કહેવાય નહીં બાબા-!
પ્રશ્ન પૂછવાનીય ફી પડાવે છે સાંસદ!
(બાબા રામદેવ - કેજરીવાલનાં નિવેદન)

**હાઈકુ**

આવો, પધારો -
- મૂકાવો કરવત,
નગર - 'કાશી'..
(બધા પ્રકારની વિદ્યાનું ધામ)

વાતોનાં વડાં -
અને પીરસે લાડુ
લોકાર્પણ માં..
(ઉકળે આંધણ)

## ચિંતન

**સ્વભાવો નોપદેશેન શક્યતે કર્તુમન્યથા ।**
**સુતપ્તમપિ પાનીયં પુનર્ગચ્છતિ શીતતામ્ ॥**

ઉપદેશથી, સલાહ-સૂચન-શિખામણ દ્વારા કોઇના પણ સ્વભાવમાં પરિવર્તન લાવવાનું શક્ય નથી. સારી રીતે ખૂબ ઉકાળેલું પાણી પણ ફરીથી જેવું હતું તેવું જ ઠંડુ થઇ જાય છે.

પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે એટલે કે એ આ જન્મમાં તો પરિવર્તન શીલ નથી જ નથી. આધ્યાત્મિક ગ્રંથો પ્રમાણે પણ જીવ જે અંગૂઠા જેવડો એક જ્યોતિ સ્વરૂપે છે તેને કર્મો-સ્વભાવનું આવરણ હોય છે જે બીજા જન્મે પાછું ત્યાંથી શરૂ થાય છે.

આજની ટેકનોલોજીમાં સમજવું હોય તો એક તદ્દન નાની 'પેનડ્રાઇવ'માં આપણું જ્ઞાન-ભક્તિ-કર્મો અને પ્રકૃતિ સ્વભાવ 'ચિત્રગુપ્ત' ના કોમ્પ્યુટરમાં ફીટ થઇ જાય છે અને ધર્મરાજ આપણું એ મટીરીયલ - પ્રમાણેનું બીબું બનાવી જિંદગીના લેખની ફ્લોપી બનાવી નવા શરીરમાં 'ફીટ' કરી પાછા તગેડે છે અને નવેસરથી 'ઉવાં-ઉવાં' શરૂ થાય છે આને કારણે જ માણસનો લાગણીશીલ-પ્રેમાળ-દયાળુ-જીદ્દી-ક્રોધી-જક્કી-શંકાશીલ સ્વભાવ ગમે તેટલા પ્રયત્નો કરો તો પણ બદલાતો નથી.

જેમ આગલા જન્મોના કર્મો ભોગવવાં પડે છે તેમ સ્વભાવગત સુખ-દુ:ખ પણ ભોગવવાં જ પડે છે.

## સુવિચાર

- સંકલ્પ વિના સૃષ્ટિ નથી થતી અને મન વિના સંકલ્પ થતા નથી, મન બ્રહ્મસૃષ્ટિનું તત્ત્વ છે - **સાને ગુરુજી**
- ધૈર્ય અને પુરૂષાર્થ વડે આપણે જે પ્રાપ્ત કરી શકીએ છીએ તે શક્તિ અને ઉતાવળથી મળતું નથી - **લા ફેન્ટેન**
- સુંદરતા તેને જોનારની આંખોમાં ઝબકે છે તેના કરતાં પણ વધુ એની ઝંખના કરનારના અંતરમાં વધારે ઝળહળે છે - **ખલિલ જિબ્રાન**
- આત્માના સૌંદર્ય વિના માત્ર દેહ શોભા નકામી છે - **ગુરુ નાનક**
- દુર્જન અને દુષ્ટ લોકો પ્રત્યે વેર-દુશ્મની તો ન જ બાંધવી, પણ પ્રેમ પણ ન રાખવો, તેમની સાથે ઉદાસીનતાથી જ વર્તવું - **સંત તુકારામ**
- વડીલો તરફ નમ્રતા રાખવી એ કર્તવ્ય છે, સરખી ઉંમરના પ્રત્યે નમ્રતા રાખવી એ વિનય છે, નાના પ્રત્યે નમ્રતા રાખવી એ કુલીનતા છે - **ગાંધીજી**

## બોધકથા

આજના અધિકારીઓ-નેતાઓ સરકારી-ગૌચર પ્લોટ પડાવી લે, સસ્તા ભાવે માલિક થઇ જાય, પોતાના કલ્યાણ માટે ગરીબ પ્રજા કે સૈનિકોને પણ જોતા નથી. એક-એકથી ચઢિયાતાં 'આદર્શ' કૌભાંડો કરે છે. અબજો એકત્ર કર્યા પછી પણ જેને સંતોષ નથી એ પોતાની પ્રજાનું 'કલ્યાણ' વિચારે જ ક્યાંથી?

ભગવાન સ્વામિનારાયણના ભક્ત અનુયાયી પંચાળાના દરબાર ઝીણાભાઇ - ભગવાન સ્વામિનારાયણ પાંચાળા પાસેથી પસાર થવાના સાંભળી દરબારે વિનંતી કરી પાંચાળામાં સામૈયો-ઉત્સવ કરો.

સ્વામીએ તેના હૃદયના ભાવ વાંચી 'સામૈયા'નો સ્વીકાર કર્યો. મોટો ઉત્સવ થયો, ભજન-કીર્તન-પ્રસાદ થયા, ભક્તજનો ખુશ-ખુશાલ થઇ ગયા.

સ્વામીનારાયણ પણ પ્રસન્ન થયા અને ઝીણાભાઇને કંઇ પણ માગવાનું કહ્યું -


આજના નેતા પ્રધાનપદ કે સત્તા માગે પણ દરબાર ઝીણાભાઇ કહે 'ભગવાન મારી પ્રજાને એવી ભક્તવત્સલ બનાવો કે કોઇને પણ મૃત્યુ પછી નર્ક નહીં, પણ મુક્તિ જ મળે.'

પ્રજા વત્સલ રાજા આવા હોય!

# બુધ્ધનું જીવન એટલે કરૂણા, વિવેક અને શાંતિનો ત્રિવેણી સંગમ

## પ્રાસંગિક
## આજે બુધ્ધ જયંતિ

- હર્ષદરાય ઉપાધ્યાય



ઇસુ ખ્રિસ્તના જન્મ પૂર્વે ૬૦૦ વર્ષે તેમનો જન્મ થયો હતો. પિતાનું નામ શુધ્ધોધન તથા માતાનું નામ મહામાયા દેવી હતું. તેમનો જન્મ લુંબિની ઉધાનમાં થયો હતો. પિતા રાજા હતા. માતાને દિવ્ય સ્વપ્ન આવ્યું હતું. દસમે માસે પિયર જતાં માર્ગમાં ઉધાનમાં રોકાયાં. જયાં પુત્રનો જન્મ થયો. તેમનું નામ સિધ્ધાર્થ રાખવામાં આવ્યું. ગૌતમ તેમનું ગોત્ર હતું. વિશ્વામિત્ર નામના ગુરુએ તેમને જ્ઞાન આપ્યું. દરેક જીવ પ્રત્યે તેમને કરુણા જન્મતી. પુત્ર સાધુ ન બને તે હેતુથી તેમના માટે સુંદર મહેલ બનાવ્યા. તેમનાં લગ્ન યશોધરા સાથે થયાં જેમના થકી તેમને પુત્ર પ્રાપ્ત થયો. જેનું નામ રાહુલ પાડવામાં આવ્યું. પુત્ર જન્મના સાતમા દિવસે તેમણે સંસારનો ત્યાગ કર્યો જે મહાભિનિષ્ક્રમણ કહેવાય છે. પત્નિ પણ સાથે નીસરી. રથમાં સવાર ત્રણો અનોમા નદીને કિનારે આવી પહોંચ્યા. તલવારથી પોતાના કેશ કાપી સાધારણ વસ્ત્રો પહેરી મગધ નગરમાં પ્રવેશ્યા. અને ભિક્ષા માંગી જીવન જીવતાં જીવતાં સમાધિના માર્ગે નિકળી પડયા. વૈશાખી પૂનમે બૌધિવૃક્ષ નીચે તેમણે સમાધી લગાવી. આજે ત્યાં બૌધગયા મંદિર ઊભું છે. નજીકમાં ચબૂતરો છે જયાં તેમના પાદચિહ્ન રૂપે કમળો કોતરેલાં છે. જે સ્થળે આસન લગાવ્યું હતું તે સ્થળ 'રત્નાઘર' નામે ઓળખાય છે.

પાંચમે અઠવાડિયે અજપાલ વૃક્ષ નીચે એક બ્રાહ્મણને બોધ આપ્યો હતો. ત્યાં તેઓ કાશી ગયા. ત્યાં કૌંડિન્ય વગેરે પાંચ શિષ્યોને બોધ આપ્યો જે ધર્મચક્રવર્તન નામે ઓળખાય છે. કાશીમાં ઘણાંને ઉપદેશ આપ્યો. ત્યાંથી ભગવાન બુધ્ધે નયગ્રોધારામાં મુકામ કર્યો. પત્નિ યશોદરા વર્ષોથી તપ કરતી હતી. તેમણે ભિક્ષુણી વર્ગ સ્થાપ્યો. ૪૫ વર્ષ સુધી તેમણે ભારત ભ્રમણ કર્યું. તેઓ ૮૦ વર્ષ જીવ્યા.

વૈશાલીના આમ્રપાલીમાં રહ્યા. ત્યાં માંદા પડયા, પાવા ગામના સોનીને ત્યાં અંતિમ ભોજન લીધું. ત્યાંથી કુશિનગર પહોંચ્યા. ત્યાં શાલવૃક્ષ નીચે મહાનિર્વાણની જાહેરાત કરી. વૈશાખી પૂર્ણિમાના દિવસે સમાધિ લઇ અવસાન પામ્યા.

બુધ્ધનું જીવન એટલે કરૂણા, વિવેક અને શાંતિનો ત્રિવેણી સંગમ. એક સૈકા પછી બૌધ્ધ ધર્મના બે પંથ પડયા.

(૧) મહાનયાન
(૨) હીનયાન.

તેમણે જીવનભર માત્ર એક જ વાતનો સંદેશ આપ્યો છે કે ખરાબ વિચારોનો નાશ કરો. લાલચ ન રાખવી. તૃષ્ણાનો ત્યાગ કરવો અને ત્રણ કર્મ સદાય યાદ રાખવાં.

(૧) આત્મહત્યા ન કરવી કે પ્રાણઘાત ન કરવો. (૨) પરસ્ત્રી ગમન ન કરવું અને, (૩) ચોરી ન કરવી.

આજે બુધ્ધ જયંતિ દિને તેમના ચરણોમાં કોટી કોટી વંદન.

# ઇશ્વર સુધી પહોંચવા માટે આપણી પાસે કોઇ લીફ્ટ નથી, જે છે તે માત્ર શ્રધ્ધાની સીડી, પ્રેમ અને પરોપકારનાં પગથિયાં, એ મુકામ સુધી પહોંચવાનું પ્રથમ અને અંતિમ પગથિયું તે છે પ્રાર્થના

## ધૂપસળી ધૂણાવે આકાશ

- ગિરા પિનાકીન ભટ્ટ

### પ્રાર્થનાની તાકાત

સમયના સકંજામાં આપણે સહુ સપડાયેલા છીએ. સમય કોઈની પણ રાહ જોતો નથી. તો સમય કોઈને છોડતો પણ નથી. સમય આવ્યે સહુ થશે... કહેનારાઓનો સમય આવી-આવીને વહી જાય છે બસ, સમયને સાંધવા-બાંધવા, સમજવા કે સમાધાન કરવા માટે પણ આપણી પાસે જાણે સમય નથી. અને સરવાળે ઢસરડાની જેમ જીવન વ્યતિત કરી નાખીએ છીએ.

માનવમાત્ર સામાજિક પ્રાણી છે ને સમાજના હર ઝંઝાવાતનો સામનો એને કરવો જ પડે છે. પરંતુ એ સામનો કરવાની સમજ આપણામાં કાળક્રમે ઓસરતી ગઈ છે, ને તે કારણસર જ માનવી હતાશાના હોજમાં ડૂબતો જાય છે. અહીં મારું 'હૉજ' શબ્દનું પ્રયોજન તો એક પ્રાસ છે. બાકી આ હૉજ એટલે સાત સમંદરથી પણ ઊંડો, ઊંચો ને વિશાળ એવો સંસાર સાગર. જેમાંથી બહાર આવવા માટે ઈશ્વર જ મદદ કરી શકે. અને ઈશ્વર સુધી પહોંચવા માટે આપણી પાસે કોઈ લીફ્ટ થી, જે છે તે માત્ર શ્રધ્ધાની સીડી, પ્રેમ અને પરોપકારનાં પગથિયાં. એ મુકામ સુધી પહોંચવાનું પ્રથમ અને અંતિમ પગથિયું તે છે પ્રાર્થના.

બસ, એ પ્રાર્થનાને સમય સાથે સાંકળી વાત લંબાવું તો... પ્રાર્થના માટે આજે આપણને સહુને સમય નથી. અને સરવાળે શાંતિ હણાઈ છે. ને અશાંતિયા અવસરને મને કે કમને માણી રહ્યા છીએ. છૂટકો પણ કયાં છે? ...દિવસભરની અશાંતિને ડામવા માત્ર બે કે પાંચ મિનિટ શાંત ચિત્તે ઈશ્વર પાસે બેસવાનું આકરું લાગે છે. હા, સોળ પડે ત્યારે... મલમ લેવા અચૂક દોડી જઈએ છીએ. પરંતુ આપણે સહુએ ગરજ મતલબી બની ગયાં છીએ. 'ગરજ મટી એટલે વૈદ્ય વૈરી' પરંતુ બે-પાંચ મિનિટ પ્રાર્થનાં કરવાની ફુરસદ જો આપણને મળતી ન હોય તો બીજી કોઈ વાતની ફુરસદ હોવી ન જોઈએ. પણ... ના, ગામ-ગપાટાં અને વાતોના વંટોળોમાં સમય કયાંક પસાર થઈ જાય છે. પરંતુ આપણે સહુ સ્વાર્થનો, નર્યો સ્વાર્થનો મૉલ પકવીએ છીએ. અને પછી 'સુખમાં સાંભરે સોની ને, દુ:ખમાં મારો રામ.' ભલા માણસ, સામાન્ય શબ્દોમાં કહું તો... મારે ઘરે પ્રસંગ હોય ત્યારે તમને યાદ ન કરું, ને પછી... કામ પડે ત્યારે કરગરું... આવું ચલાવી લે કોણ? ...આપણે સહુ સ્વાર્થી બની ગયા હોઈએ તેવું નથી લાગતું? ...કદાચ બની શકે... સુખ અને દુ:ખની વ્યાખ્યા આપણી અને ઈશ્વરની અલગ-અલગ હોય છતાંય...

હે પ્રભુ!

હું નરકના ડરથી તારી પૂજા કરતી હોઉં,
તો તું મને એ નરકની આગમાં સળગાવી દે...
અને...
સ્વર્ગના લોભથી જો તારી સેવા કરતી હોઉં તો...
એ સ્વર્ગનું દ્વારા મારે માટે બંધ કરી દે;
પણ... હું જો તારી પ્રાપ્તિ માટે જ
તારી ભક્તિ કરતી હોઉં તો...
તું મને તારા અપાર સુંદર સ્વરૂપથી
વંચિત ના રાખીશ.

-રાબીયા

બસ, અપેક્ષાઓને અવગી મૂકી ઈશ્વર ચરણે મસ્તક નમાવી તો જુઓ. આવી પડેલી દરેક પરિસ્થિતિનું ત્યાં જ સમાધાન છે. આત્મા અને પરમાત્માના જોડાણનો આજ તો સેતુ છે. અને એના દ્વારા જ માનસિક-શાંતિ અને સ્વસ્થ રહેવાનું મોટું પીઠબળ મળે છે. જો આપણે માનસિક રીતે સ્વસ્થ રહીશું તો દુન્યવી દરેક મુશ્કેલીઓનો સમાનો કરી શકીશું.

મારે અહીં રામભરોસે જીવન હંકારવાનું કહેવું નથી. 'નહીં સુપ્તશ્રેય સિંહસ્ય પ્રવિશંતિ મુખે મૃગાઃ ।' પરંતુ પ્રાર્થના, પ્રયત્ન અને આશીર્વાદ ગણે તો સુભગ સમન્વય રચાય તો... તો... ધન્ય ધન્ય થઈ જવાય. બેડો પાર થઈ જાય. માટે જ મહાત્માજીએ કહ્ છે કે ; 'પરમ કૃપાળુ પરમાત્મા સાંભળે કે ન સાંભળે પરંતુ'... મનુષ્યની ફરજ તો પ્રાર્થના કરવાની જ છે.'

પ્રાર્થના માટે ઘણું-ઘણું લખાયું છે, ગવાયું છે, કહેવાયું છે. દુનિયાભરના સંતો, મહંતો, મહાત્માઓ, ધર્મો અને ધાર્મિક પુસ્તકોએ ઘણો-ઘણો મહિમા ગાયો છે. એવા વિષયના મહાસાગરમાં સાવ ક્ષુલ્લક રાઈના દાણા સમી મારી બે પંક્તિ મૂકું તો અસ્થાને નહીં લેખાય તેમ સમજીને...

'પાર્થની જેમ કરું પ્રાર્થના, તો કૃષ્ણ લાગે મૂજ હાથ,
બાંધ્ય કાલી બેસાડી દઉં એને, મારો સારથિ થઈજાને આજ?'

# જગદંબા સ્વરૂપા શ્રી જક્ષણી માતાજી : સાદરા શ્રધ્ધાળુઓ દર્શન માત્રથી ધન્યતા અનુભવે છે


## આપણા જિલ્લાના તીર્થધામો

- ભાનુપ્રસાદ એસ. દવે

જગદંબા સ્વરૂપા શ્રી જક્ષણી માતાજીનાં જયાં બેસણાં છે તેવું ગાંધીનગર જિલ્લાનું સાદરા આ પંથકમાં વર્ષોથી શ્રધ્ધાનું કેન્દ્ર બની રહ્યું છે. લોકો જક્ષણી માતાના મંદિરમાં દર્શનમાંથી ધન્યતા અનુભવે છે.

સાબરમતી નદીના કિનારે ઊંચી ભેખડો - વૃક્ષવનરાજીઓના પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે આવેલ આ તીર્થધામ અનેક દંતકથાઓ ધરાવે છે. દેવીભાસી વાઘોજી ઝાલા કાઠીયાવાડના ધ્રાંગધ્રા નજીકના કંકાવટીના રાજપૂત હતા. મા દુર્ગાના ઉપાસક હતા. અમદાવાદના સુલતાન મુઝફ્ફર ખાન જે જૂનાગઢનો સૂબો પણ હતો. તેના જુલ્મો સામે લડતાં-લડતાં વીરપુરૂષ વાઘોજી શહીદ થયા. વાઘોજીના પુત્ર વીરમદેવ (અડપોદરાના ઝાલા બાપજી તરીકે ઓળખાયા) અને પુત્રી જક્ષણી પણ મુસ્લિમ થાણેદારો સામે ધર્મનાં - પ્રજાના રક્ષણ કાજે - મૃત્યુને વર્યા. વીરમદેવ અત્યારે અડપોદરા વિસ્તારમાં ઝાલા બાપજી તરીકે પૂજાય છે જયારે તેમના બહેન જક્ષણી માતા તરીકે પૂજાવા લાગ્યા. અમદાવાદના ગર્ભશ્રીમંત સર ચીનુભાઈ બેરોનેટના પિતાએ સંવત ૧૯૫૦માં અહીં મંદિર બધાવ્યું - ધર્મશાળા બંધાવી. લોખમુખે વર્ણવાયા પ્રમાણે અહીં નવરાત્રિમાં જક્ષણી માતાજીનો સાક્ષાત્કાર થાય છે. સાદરામાં ભાદરવા મહિનાના બીજા રવિવારે મેળો ભરાય છે. હજ્જારોની સંખ્યામાં યાત્રાળુઓ ઉમડી પડે છે.

અહીં ભેખડોને નવસાધ્ય કરીને મંદિરનો જિર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે. મંદિરની સુરત



બદલાઈ છે. શ્રી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર કાર્યરત થયું છે. ભોજનાલય ભવ્ય અને અતિથિભવન સંકુલમાં યાત્રાળુઓને સગવડો પ્રાપ્ત છે. મીટીંગ સભા માટે, સત્સંગ માટે, લગ્નપ્રસંગ માટે વિશે સુવિધા મળે છે. અહીં રોજ બપોરે ૧૨ કલાકે શ્રી જક્ષણી રામ રોટી સેવા કેન્દ્ર ચાલે છે જે શ્રી માતાજીના અન્નપૂર્ણા સ્વરૂપની પ્રતીતિ કરાવે છે.

સાબરમતી નદીના વિશાળ પટના કિનારે આવેલું સાદરામાં સુલતાન અહમદ શાહે સને ૧૪૨૬માં સુદઢ

**સાદરા સુલતાન અહમદશાહ પહેલાન વખતથી ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે, મહી કાંઠા એજન્સીના પોલીટિકલ એજન્ટનું અહીં નિવાસસ્થાન હતું, શ્રી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર ભોજન અતિથિભવની સેવાઓ પૂરી પાડે છે, મહાદેવભાઇ ગ્રામસેવા વિધાલય શિક્ષણનું ધામ છે**



કિલ્લો બંધાવ્યો. સને ૧૮૨૧માં મહી કાંઠા એજેન્સીના પોલીટીકલ એજન્ટનું નિવાસસ્થાન બન્યું. બંને બાજુ ઘટાદાર વૃક્ષો ધરાવતા આ ગામમાં સને ૧૮૫૭માં વિપ્લવના તણખાં પણ પડ્યા છે. એ રતે સ્વાતંત્ર્ય સંગ્રામની ભૂમિકામાં સાદરાનું પ્રદાન નોંધપાત્ર છે.

સાદરા બજારની મધ્યમાં ઐતિહાસિક સ્થાપત્યના બેનમૂન નમૂના સમાન વિકટોરીયા કલૉક ટાવર સમાધિમાં બેઠેલાં મગ્ન ઋષિના જેવું શોભે છે. એક સમયે આસપાસના ૫ કિ.મી. વિસ્તારમાં તેના ટકોરા સંભળાતા. આ ભવ્ય ટાવર પુન: ચાલુ થાય તેવી સાદરાના પ્રત્યેક ગ્રામજનોની ઈચ્છા છે. સાદરાએ પૂર આવતા મહા રૂદ્ર સ્વરૂપ ધારણ કરતી સાબરમતી અને પૂર શાંત થતાં મનને શાતા આપે તેવી નયનરમ્ય સાબરમતીને નિહાળી છે. અહીં ગોરા એજન્ટોના સમયની નકશીદાર દિવાદાંડીના સ્તંભો રોશનીની પ્રતીતિ કરાવે છે. આ ઉપરાંત સાદરામાં અનેક દેવ મંદિરો, મહાદેવ દેસાઈ ગ્રામસભા, શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયો, સુક્ષ્મ જીવાણું વિજ્ઞાન સંશોધન કેન્દ્ર, શાળા અને મહાશાળાઓ છે. સાદરા જવા માટે અમદાવાદથી ૪૫ કિ.મી, ગાંધીનગરથી ૨૫ કિ.મી.નું અંતર છે. ઉપરાંત દહેગામ - પ્રાંતિજથી વાહનવ્યવહારની સુવિધા છે.

મહાશક્તિ જગદંબાના અંશ સમી (જક્ષણી) લોકમુખે જક્ષણી નામ પ્રચલિત અહીંના 'મા જક્ષણી' જનતાના હૃદયમાં રમી રહ્યા છે, શ્રધ્ધાળુઓ દ્વારા સતત પૂજાય છે.

# કમળના ફૂલ સૂર્ય વિકાસી અને ચંદ્ર વિકાસી એમ બે પ્રકારના હોય છે, દિવસ દરમિયાન ખીલેલાં રહેલાં ફૂલ સૂર્ય વિકાસી અને રાત્રિ દરમિયાન ખીલતાં ફૂલ ચંદ્ર વિકાસી ફૂલ કહેવાય છે


## વન્યસૃષ્ટિ પરિચય
## કમળ (Lotus)

- હેમંત સુથાર

કમળના ફુલને ફૂલોનો રાજા કહીએ તો તેમા જરા પણ અતિશયોક્તિ નહીં થાય. કમળનું ફૂલ તેના સૌંદર્યથી સહુને આકર્ષિત કરે છે. આપણાં ઘણાં બધાં દેવી-દેવતાઓનાં હાથમાં કમળનું ફૂલ ધારણ કરેલ દર્શાવવામાં આવે છે. કૃષ્ણ ભગવાન, લક્ષ્મીજી અને ગાયત્રીમાતાન `તો કમળના ફૂલ પર આસન જમાવીને બેઠેલા દર્શાવવામાં આવે છે. એમેઝોનમાં થતું વિકટોરીયા રેઝિયા નામના કમળના પર્ણો ૫ થી ૮ મીટર જેટલા વિશાળ કદના હોય છે. તેના પરથી સમજી શકાય કે કમળના ફુલને આસન તરીકે પણ ઉપયોગમાં લઇ શકાય, તે કલ્પના માત્ર નથી.

ઉત્પલ, પંકડ, નીરજ, અરવિંદ, રાજીવ, મુકુદ, નીલોફર, કંજીવ, જલજ અને શીદલ કમળનાં કેટલાક પર્યાય નામો છે. સપુષ્પી વનસ્પતિના કમલાદિ કુળ (નીમ્ફેઇસીસ)માં તેને વર્ગીકૃત કરવામાં આવેલા છે. જલીય વનસ્પતિ એવા કમળની ૫૦ થી વધુ જાતિઓ જોવા મળે છે. ગુજરાતી ભાષામાં આપણે જેને પોયણાં કહીએ છીએ તેને અંગ્રેજીમાં 'વોટર લીલી' કહેવામાં આવે છે તે પણ કમળના કુળના જ સભ્યો છે.

કમળ જુદા-જુદા રંગોમાં જોઇ શકાય છે. શ્વેતકમળ કોરોમાંડલ પ્રદેશમાં, ગુલાબી કમળ પશ્ચિમ ભારત વિસ્તારમાં અને રક્ત કમળ દક્ષિણ ભારતમાં જોવા મળે છે. પીળા અને નીલા રંગના કમળ પણ જોવા મળે છે.



કમળના છોડના મૂળ પાણીમાં તળિયા ભાગે જમીનમાં હોય છે. તેની ડાળીઓ કે થડ પાણી ભાગમાં હોય છે. જયારે પર્ણો અને ફુલ પાણી ઉપર બહાર હવામાં જોવા મળે છે. આ રીતે કમળ હવા, પાણી અને જમીન એમ ત્રણેય ઘટકોમાં વિકસેલ - વિસ્તરેલ જોવા મળે છે.

કમળના થડ એટલે કે ડીંટા લાંબા હોય અને જાળીદાર હોય છે. કમળના પર્ણો ગોળ હોય છે. તેથી પર્ણોની કિનારી ખાંચા વગરની હોય છે. જયારે વોટર લીલી કુળ (પોયણાં) ની જાતિના પર્ણોની કિનારી ખાંચાવાળી જોવા મળે છે.

કમળના બીજ કાળા રંગની લખોટી કદના હોય છે. જેને આપણે કમળ કાકળી કે કમળાક્ષ તરીકે ઓળખીએ છીએ. બીજનું ઉપરનું આવરણ કાળા રંગનું ખુબ જ કઠણ હોય છે. જયારે વચ્ચેના ભાગમાં સફેદ રંગનું મીંજ નીકળે છે. જે ખાવામાં સ્વાદિષ્ટ લાગે છે. તેમાંથી સ્ટાર્ચ, પ્રોટીન અને તેલ મળે છે.

કમળની બધી જ જાતોના ફુલ સામાન્ય રીતે ડિસેમ્બર - જાન્યુઆરી માસમાં હોય છે. કમળના ફૂલ સૂર્ય વિકાસી અને ચંદ્ર વિકાસી એમ બે પ્રકારના હોય છે. દિવસ દરમિયાન ખીલેલાં રહેલાં ફૂલ સૂર્ય વિકાસી અને રાત્રિ દરમિયાન ખીલતાં ફૂલ ચંદ્ર વિકાસી ફૂલ કહેવાય છે. શ્વેત અને રાતા રંગના ફૂલ દિવસે ખીલેલા રહે છે અને રાત્રે બીડાઇ જાય છે. જયારે ગુલાબી રંગના ફુલ રાત્રે ખીલેલા અને દિવસે બીડાયેલા રહે છે.

કમળના ફૂલનું પુષ્પાસન ભરમડા જેવું હોય છે. ફૂલ ખીલવાની ક્રિયા ત્રણ તબક્કે થાય છે. શરૂઆતમાં કમળના ફૂલનો આકાર શંકુ જેવો અને ત્યારબાદ કપ જેવો થાય છે અને સંપૂર્ણ રીતે ખીલે ત્યારે મોટા બાઉલ કે વાડકા જોવા જોવાય છે.

કમળના છોડ તેની ગાંઠોમાંથી અને બીજમાંથી ઉગી શકે છે. વનસ્પતિના બીજ ઉગી શકવા માટેની સ્ફૂરણશક્તિનો ચોક્કસ સમયગાળો હોય છે. તે પ્રમાણે અમુક દિવસો બાદ સ્ફૂરણશક્તિ જતી રહેવાથી તેવા બીજમાંથી છોડ ઉગી શકતાં નથી. પરંતુ જાપાન દેશમાં વર્ષ ૧૯૫૧ માં એક ખોદકામ દરમિયાન માટીમાંથી ઓરિયન્ટલ જાતના કમળના ત્રણ બીજ મળી આવ્યા. વનસ્પતિ શાસ્ત્રીઓ દ્વારા મળેલા આ બીજ કેટલા જૂના છે તેની વૈજ્ઞાનિક પધ્ધતિથી ચકાસણી કરવામાં આવતાં જાણવા મળ્યું કે તે બીજ ૨૦૦૦ વર્ષ જેટલા જૂના હતાં.

તેમાં વધુ નવાઇની વાત એ બની કે મળેલા કમળના ત્રણ બીજને જયારે ઉગાડવા માટે પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે ત્રણ બીજ પૈકી બે બીજમાથી છોડ ઉગી નીકળ્યા. ૨૦૦૦ વર્ષ જૂના બીજમાંથી કમળ ઉગી નીકળવાની આ ઘટના કમળમાં રહેલ જીવશક્તિનો પુરાવો છે જે સાબિત કરે છે કે ૨૦૦૦ વર્ષ સુધી બીજમાં અંકુર જીવીત રહે છે.

કમળને આપેલ મહત્ત્વ સમજી શકાય તેમ છે. એમ છે કે આપણા પૈકી ઘણાં બધાંએ કુદરતી સ્થળે ખીલેલા કમળના ફૂલ જોયા નહીં હોય. ઘટી રહેલા નદી-નાળા અને દૂષિત જળને કારણે ભવિષ્યમાં કમળના ફૂલ જોવા પણ ન મળે તો નવાઇ પામવા જેવું નહીં.

- hmtsuthar@gmail.com

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


**૬ઠ્ઠી મે**

### મનોવિશ્લેષણની પધ્ધતિઓ વિકસાવનાર સિગ્મન્ડ ફ્રોઇડનો જન્મદિન

મનોવિશ્લેષણની પધ્ધતિઓના આદ્ય સ્થાપક સિગ્મેન્ડ ફ્રોઈડનો જન્મ ૬-૫-૧૮૫૬.

'સ્ટડીઝ ઈન હિસ્ટેરીયા', 'ઈન્ટરપ્રિટેશન ઑફ ડ્રીમ્સ', 'જનરલ ઈન્ટ્રોડકશન ટુ સાયકો એનાલીસીસ' જેવા માનવશાસ્ત્ર - મનોવિશ્લેષક, સંમોહનના વિષયો આધારીત - મનોવિશ્લેષણ, સંમોહનના વિષયો આધારિત પુસ્તકોના લેખક. તેમના સંશોધનનો પ્રભાવ તમામ પાસાઓ પર પડેલો જોવા મળે છે.

● ૧૮૭૦ સર જેઈમ્સ યંગ સીમસનનો જન્મદિન.



● મૃદુલા સારાભાઈની જન્મજયંતિ - ૧૯૧૧.

● નહેરૂની જન્મજયંતિ - ૧૮૬૧.

● આજે સાહિત્યકાર તત્ત્વચિંતક અમેરિકાના મહાન લેખક હેન્રી ડેવિડ થોરોનું અવસાન - ૧૮૬૨.

● ધર્મશાળા, શૈક્ષણિક શાળા અને જાહેર મકાનો બંધાવનાર દાનવીર ભાઈશંકર નાનાભાઈ ભટ્ટનું અવસાન - ૧૯૨૦

● બાળકેળવણીના જનેતા મારિયા મોન્ટેસરીનું નેધરલેન્ડમાં ૮૦ વરસે અવસાન - ૧૯૫૨.